# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

એ-૩, જિલ્લાસેવાસદન-૨, અઠવાલાઇન્સ, સુરત

**Phone No: (0261) 2662902, Emailsuratdeo@gmail.com, Web – deosurat.org**

જા.નં.મા-૨/વિ.મા.સ્વા./કાર્યવહી નોંધ/૨૦૨૬/8837 તા.30/0૬/૨૦૨૬

પ્રતિ,

આચાર્યશ્રી

સરકારી,અનુદાનિત તથા સ્વનિર્ભર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ

સુરત જિલ્લો.

વિષય: ધોરણ 9 થી 12 ના વિદ્યાર્થીઓ માં માનસિક સ્વાસ્થ્ય જળવાઈ રહે તે હેતુસર સમિતિની રચના તેમજ મોટીવેશનલ સેમિનારનું આયોજન કરવા બાબત.

સંદર્ભ: 1. અધિક મુખ્ય સચિવશ્રી શિક્ષણ વિભાગ, ગાંધીનગરના હુકમ ક્રમાંક ED/MRC e5/ 2025/47/3F તા:29/08/2025

2. કલેકટરશ્રી અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરીના પત્ર ક્રમાંક એમ.એસ.સી./જિલ્લા સ્તરીય સમિતિ/વશી.૩૬૭૪/૨૦૨૫, તા.૦૧/૧૦/૨૦૨૫

3. જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત નો પત્ર ક્રમાંક જા.નં. મા-૪/બેઠક એજન્ડા/૨૦૨૬/૫૫૦૧ તા: ૧૫/૦૪ / ૨૦૨૬

4. જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરતની કાર્યવાહી નોધ /૨૦૨૬ અનુસંધાને

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે વિદ્યાર્થીઓમાં માનસિક સ્વાસ્થ્ય જળવાઈ રહે તે હેતુસર અત્રેની કચેરીમાં DLMC (ડીસ્ટ્રીક્ટ લેવલ મોનિટરિંગ કમિટી)ની રચના કરવામાં આવી તે અંતર્ગત શાળા કક્ષાએ સમિતિની રચના તથા મોટીવેશનલ સેમીનારનું આયોજન કરવાનું રહેશે.

વિદ્યાર્થીને માનસિક તણાવ, પરીક્ષાનું દબાણ, ભવિષ્યની ચિંતા, હતાશા જેવી પરિસ્થિતિને કારણે વિદ્યાર્થી માનસિક રીતે અસ્વસ્થ બને છે, તે સંદર્ભે શાળા કક્ષાએ વિદ્યાર્થીઓનું સમયાંતરે કાઉન્સેલિંગ થાય તેવું આયોજન કરવાનું રહેશે. બાળકોમાં આત્મવિશ્વાસ વધે,પરીક્ષા પ્રત્યેનું તેમનો હકારાત્મક અભિગમ વિકસે, વિદ્યાર્થીનું માનસિક સ્વાસ્થ્ય જળવાઈ રહે તે માટે શાળા કક્ષાએ સમિતિની રચના કરવી જેમકે વિદ્યાર્થી મિત્ર, સમાન તક સેલ, જાતિભેદ સેલ ફરિયાદ નિવારણ સેલ વગેરેની રચના કરવી. આત્મહત્યા અટકાયત હેલ્પલાઈન નંબર (ટેલિમાનસ-14416)ની સંસ્થાના તથા હોસ્ટેલ કેમ્પસના નોટીસ બોર્ડ પર બહોળી રીતે પ્રસિદ્ધ કરવો. વિદ્યાર્થીઓ/શિક્ષકોને મોટીવેશનલ ફિલ્મો દર્શાવવી તથા આવી ફિલ્મો સામુહિક રીતે વિદ્યાર્થી/શિક્ષકો નિહાળે તેવું આયોજન કરવું. વિદ્યાર્થીઓની માનસિક સ્થિતિ જાણવી, અને જરૂર લાગે ત્યાં આરોગ્ય વિભાગની મદદ લઈ કાઉન્સેલિંગ કરવાવું. શાળામાં વિદ્યાર્થીમાં જીવન પ્રત્યે હકારાત્મક અભિગમ કેળવાય તે અંગે કાર્યક્રમો, સ્પર્ધાઓનું આયોજન કરવું. વિદ્યાર્થીઓ જીવનનું મહત્વ સમજે અને હાર-જીતની ભાવનાથી પર જઈ હકારાત્મક, ખેલદિલીપૂર્વકનો અભિગમ કેળવે તેવા પ્રયાસો સમાજ, સંસ્થા, સોશિયલમીડિયા વગેરેના માધ્યમથી કરવા તથા વિદ્યાર્થી હિતને કેન્દ્રમાં રાખી શૈક્ષણિક સંસ્થાઓ સંવેદનાપૂર્વક જવાબદારી નિભાવે તેવી ભાવના રાખવી.

Scanned with OKEN Scanner

ઉપરોક્ત તમામ કામગીરી વિદ્યાર્થીનાં હિતને સર્વોચ્ચ સ્થાન આપી બાળકનું માનસિક સ્વાસ્થ્ય જળવાઈ રહે તે મુજબ શાળાના આચાર્યશ્રીએ કાર્યવાહી  કરવાની રહેશે.તથા કરેલ કામગીરીનો અહેવાલ અત્રેની કચેરીનેને મોકલવાનો  રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિ.સુરત

સવિનય નકલ રવાના :-

-માન.કલેકટરશ્રી, સુરત, કલેકટરશ્રીની કચેરી સુરત.
-સમિતિનાં તમામ સભ્યશ્રીઓ.

Scanned with OKEN Scanner

# ઈન્સ્પેક્શનના મુદ્દાઓ

સંસ્થાનું નામ :

તા.    /    /૨૦૨૫

| ક્રમ | વિગત | – |
|---|---|---|
| ૧ | ઇન્સ્ટીટ્યુટમાં નોડલ ઓફિસરની નિમણૂક થયેલ છે કે કેમ? | |
| ૨ | એકેડમિક પ્રેશર અથવા માનસિક તણાવથી વિદ્યાર્થીઓ પીડાતા હોય તો તેની રજૂઆત મળેલ છે કેમ કેમ? | |
| ૩ | કાઉન્સેલરની નિમણૂક થયેલ છે કે કેમ? ચકાસણી કરવી. | |
| ૪ | સંસ્થાના નોટીસ–બોર્ડ પર –૧૪૪૧૬ ટેલિમાનસનો હેલ્પલાઇન નંબર ડીસ્પ્લે કરેલ છે કે કેમ? | |
| ૫ | નજીકની સરકારી હોસ્પિટલનો નંબર નોટીસ –બોર્ડ પર આપેલ છે કેમ? | |
| ૬ | નજીકના સરકારી હોસ્પીટલના ( First Contact Number) ડિસ્પ્લે કરેલ છે કે કેમ? | |
| ૭ | મેન્ટલ હેલ્થ બાબતે અવેરનેસ સેમિનાર કરેલ છે કેમ? | |
| ૮ | હોસ્ટેલ હોય તો વોર્ડન તાલીમ થઇ છે કે કેમ? જો હા તો તાલીમની તારીખ દર્શાવવી | |
| ૯ | જો સંસ્થા ખાતે છેલ્લા એક વર્ષમાં આત્મહત્યાની ઘટના બનેલ હોય તો તે બાબતે એફ.આઇ.આર. દાખલ થયેલ છે કેમ?તેની સમગ્ર માહિતી | |

સભ્ય સચિવ
DLMC
જિલ્લો

અધ્યક્ષ
DLMC
જિલ્લો

Scanned with OKEN Scanner

Scanned with OKEN Scanner

# NTF અંતર્ગત માનસિક સ્વાસ્થ્ય અને આત્મહત્યા નિવારણ માટેનું ચેકલિસ્ટ

**સંસ્થાનું નામ** :-.......................................................................................................................

**તાલુકો** : ..................          **જિલ્લો** :..........................

| ક્રમ | મુદ્દા | વિગતો |
|---|---|---|
| 1 | કાર્યરત હેલ્પ ડેસ્કની વિગતો | |
| 2 | વિદ્યાર્થીમિત્રનું નામ તથા નંબર | |
| 3 | માનસિક સ્વાસ્થય કાઉન્સેલરનું નામ તથા નંબર | |
| 4 | સાયકોલોજિસ્ટનું નામ તથા નંબર | |
| 5 | સંસ્થા નજીક આવેલ રેફરલ હોસ્પિટલનું નામ અને નંબર | |
| 6 | હોસ્ટેલ વોર્ડનનું નામ તથા નંબર | |
| 7 | એન્ટી રેગિંગ સેલની રચના થયેલ છે કે કેમ ? તેની વિગતો (કન્વીનરનું નામ અને નંબર ) | |
| 8 | સાઇકોલોજી સેલ સેલની રચના થયેલ છે કે કેમ ? તેની વિગતો (કન્વીનરનું નામ અને નંબર) | |
| 9 | જાતિગત ભેદભાવ સેલ સેલની રચના થયેલ છે કે કેમ ? તેની વિગતો (કન્વીનરનું નામ અને નંબર) | |
| 10 | સમાન તક સેલ સેલની રચના થયેલ છે કે કેમ ? તેની વિગતો (કન્વીનરનું નામ અને નંબર) | |
| 11 | ફરિયાદ નિવારણ સેલ સેલની રચના થયેલ છે કે કેમ ? તેની વિગતો (કન્વીનરનું નામ અને નંબર) | |

સ્થળ :.................

તારીખ :...............

Scanned with OKEN Scanner